


ओ३म्
कृण्वन्तो विश्वमार्यम्


# आर्य वैदिक दर्शन

# ARYA VEDIC DARSHAN

# આર્ય વૈદિક દર્શન


ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાનું
માસિક મુખપત્ર

RNI Registration No. Guj/Guj/2015/63289

Vol.3 Issue 12 March 2020 Ahmedabad,(Gujarat)
Page : 32, Rs,100 Annual





વીર સાવરકરજી બાળપણથી જ વીરત્વના ધણી હતા. તે વીરત્વે જ સાવરકરજીને બાલ્યાવસ્થાથી લઈને દેશની આઝાદી સુધી સ્વાધીનતા માટે લડ્યા. વીરત્વ સાથે તેનામાં વક્તૃત્વ શક્તિ ધારદાર હોવાને લીધે સ્વતંત્રતા માટે અનેક નવ-યુવકોના પ્રેરક બન્યા હતા. વીરત્વની સાથે તે એક લેખક પણ હતા. જેના દ્વારા તે સનસનીખેજ અને ખોજપૂર્ણ ઈતિહાસ '૧૮૫૭ નો સ્વતંત્રતા સંગ્રામ' લખી બ્રિટિશ શાસનને હલાવીને રાખી દીધું. ૧૯૦૪ માં તેમણે એક ક્રાંતિકારી સંગઠન 'અભિનવ ભારત'ની પણ સ્થાપના કરી હતી. વીર સાવરકરજીને અંગ્રેજ સરકારે બે-બે આજીવન કારાવાસની સજા આપી હતી. જે વિશ્વના ઈતિહાસમાં પહેલી અને અનોખી સજા હતી. સાવરકરજી એટલે માનો તેજ, ત્યાગ, તપ, તત્વ, તર્ક, તારુણ્ય, તીર, તલવાર, તરવરાટ, તિતિક્ષા, તીખાપન તેમજ લેખક, વક્તા, કવિ તથા વિચાર-વાણી-કર્મનું સમન્વય કેવું બહુરંગી વ્યક્તિત્વ. સાવરકરજીને સમજવાનો, તેની વિચારધારાનું વિશ્લેષણ કરવાનું કષ્ટ કરી તેના સંદેશને ઘર-ઘર સુધી પહોંચાડવાનો પ્રયત્ન કરીએ. એ જ એને સાચી શ્રદ્ધાંજલી હશે.

सत्य के ग्रहण करने और असत्य को छोडने में सर्वदा उद्यत रहना चाहिए ।

# આર્ય વૈદિક દર્શન


RNI NO. Guj/Guj/2015/63289

સૃષ્ટિ સંવતઃ ૧,૯૬,૦૮,૫૩,૧૨૦
વિક્રમ સંવત: ૨૦૭૬
વર્ષ: ૩ (સળંગ વર્ષ ૩૮)
અંક: ૧૨, (માર્ચ - ૨૦૨૦)
સંપાદક: સુરેશચંદ્ર આર્ય
મોબાઈલ નં. ૯૮૨૪૦૭૨૫૦૯
સહસંપાદક: આર્યસમાજ - ટંકારા
મોબાઈલ નં. ૮૯૮૦૮૦૮૦૭૧
વ્યવસ્થાપક: પ્રવીણચંદ્ર ઠાકર
મોબાઈલ નં. ૯૦૩૩૦૩૧૧૪૬
પ્રકાશક: ગુજ.પ્રા.આર્ય.પ્રતિનિધિ સભા
પ્રકાશન કાર્યાલય : આર્યસમાજ, ત્રણ હાટડી, ટંકારા
મુદ્રકઃ નચિકેત આર્ટ પ્રિન્ટર્સ,
૧૧, ગેલેક્સી કોમર્શિયલ સેન્ટર, જવાહર રોડ, રાજકોટ
ફોન: ૦૨૮૧ - ૨૨૩૪૫૬૫
લવાજમ દર:
વાર્ષિક: રૂ. ૧૦૦/-
દ્વિવાર્ષિક: રૂ. ૧૭૫/-
ત્રિવાર્ષિક: રૂ. ૨૫૦/-
આજીવન: (૧૦ વર્ષ) રૂ. ૮૦૦/-
૧ પ્રત: રૂ. ૧૦/-
આર્ય વૈદિક દર્શન દર માસની ૬ તારીખે પ્રસિદ્ધ થાય છે.
Email : gujaratsabha@gmail.com


## સ્મૃતિ વચન

युगपत्तु प्रलीयन्ते यदा तस्मिन्महात्मनि ।
तदायं सर्वभूतात्मा सुखं स्वपिति निर्वृतः ।
मनु. ५४(३२)

उस सर्वव्यापक परमात्मा के आश्रय में जब एकसाथ ही सब प्राणी चेष्टाहीन होकर लीन हो जाते हैं। यह सब प्राणियों का आश्रयस्थान परमात्मा सृष्टि-संचालन के कार्यों से निवृत्त हुआ-हुआ सुखपूर्वक सोता है।

## અનુક્રમણિકા


| | |
|---|---|
| આધ્યાત્મિક ચિંતન | ૪ |
| વેદ પ્રવચન | ૬ |
| સ્વર્ણ પથ | ૧૧ |
| જિજ્ઞાસા સમાધાન | ૧૩ |
| મહર્ષિ દયાનંદ વિચારધારા/સિદ્ધાંત | ૧૬ |
| અરબમાં વૈદિક ધર્મનો પ્રચાર | ૧૭ |
| ગુજરાતનું ગતિશીલ આર્યસમાજ | ૨૦ |
| ઘનઘોર જંગલમાં | ૨૬ |
| બાલ વિભાગ | ૩૦ |

# આધ્યાત્મિક ચિંતન

## ઈશ્વરનું સત્યવ્રત

આનંદ આર્યવીર

દરેક મનુષ્ય એક અનુપમ શક્તિની સત્તાને માને છે, સ્વીકારે છે. પછી તે નિરાકારના રૂપમાં કે સાકારરૂપમાં સ્વીકાર હોઈ શકે છે. કોઈ તે શક્તિને નિરાકારરૂપમાં માની ઈશ્વરાદિ નામથી ઓળખે છે તો કોઈ સાકારરૂપ માની અવતારી પુરુષ માની રામ, કૃષ્ણ, ઈશુ, આદિ નામથી ઓળખે છે. હા એ અલગ વાત છે કે સત્ય શું છે, પરંતુ બધા જ લોકો પોતાનાથી ઉપર એક અદ્ભુત શક્તિને સ્વીકારે છે અને માને છે કે તે શક્તિની કૃપાથી જ આપણું કલ્યાણ થઈ શકે છે, અન્યથા નહીં. માટે તે શક્તિની સ્તુતિ, પ્રાર્થના, ઉપાસના કરતા ફરે છે તે હકીકત છે.

જે લોકો જન્મથી જ નિર્ધન, નિર્બળ અને અજ્ઞાની માતા-પિતાને પ્રાપ્ત થયેલ છે તે એવું વિચારીને કહી શકે છે કે શું ઈશ્વર આપણું કલ્યાણ ઈચ્છે છે. જો કલ્યાણ ઈચ્છતો હોય તો જન્મથી જ નિર્ધન, નિર્બળ, અજ્ઞાની મા-બાપને પ્રાપ્ત ન થયા હોઈએ. અરે! ભોળા લોકો એ તો તમારા કર્મનું ફળ છે જે ઈશ્વરનો સ્વભાવ છે, અકલ્યાણની ઈચ્છા નથી. તમે ઈશ્વરે આપેલ નિર્બળતા, નિર્ધનતા, અજ્ઞાની માતા-પિતાને જોવાને બદલે તેના ઉપદેશને જુઓ. ઈશ્વર ધાર્મિક લોકોને ઉપદેશ કરતા કહે છે કે અજ્ઞાનીઓને જ્ઞાન આપો, નિર્ધનને ધન આપો અને નિર્બળની રક્ષા કરો. આ ઈશ્વરના ઉપદેશને જોઈને તમને અહેસાસ થશે કે ઈશ્વર તો દરેકનું કલ્યાણ જ ઈચ્છે છે અને સંસારમાં જોવા પણ મળે છે કે જન્મથી નિર્બળ, નિર્ધન, અજ્ઞાની લોકો ધાર્મિક લોકોના સહયોગથી બળવાન, ધનવાન અને જ્ઞાનવાન બની ગયા હોય. ઈશ્વર હંમેશા કલ્યાણ જ ઈચ્છે છે બાકી તો કોની તાકાત છે કે ઈશ્વર જેનું અકલ્યાણ ઈચ્છે તેનું કોઈ કલ્યાણ કરી શકે, અસંભવ છે.

આપણું કલ્યાણ ઈચ્છતી બે આત્માઓ છે, એક જીવાત્મા અને બીજી પરમાત્મા. જીવાત્માઓ અર્થાત્ અન્ય મનુષ્યો આપણું કલ્યાણ કરી શકે છે પણ જેટલું કલ્યાણ પરમાત્મા કરી શકે છે તેટલું કલ્યાણ કોઈ કરી શકતું નથી.

**यदङ्ग दाशुषे त्वमग्ने भद्रं करिष्यसि । तवेत्तत सत्यमङ्गिरः ।।**

જેમ સંસારમાં સેવક પોતાના માલિકની આજ્ઞાનુસાર બધા કાર્યો સારી રીતે સમયાનુસાર કરે છે તો માલિક પ્રસન્ન થઈને સેવકને અનેક રીતે

ઉપયોગી થઈને તેનું કલ્યાણ કરતો રહે છે. તેવી જ રીતે ઈશ્વર 'પ્રજાપતિ' આપણા સ્વામી છે અને આપણે તેના સેવક છીએ. જો આપણે ઈશ્વરરૂપી માલિકની આજ્ઞાનુસાર જીવન જીવીશું તો અવશ્ય તે આપણું કલ્યાણ કરશે. જે ઈશ્વરનું સત્ય વ્રત છે. અખંડ વ્રત છે. હા, સંસારિક લોકો અસત્ય વ્રત કરી શકે છે અર્થાત્ છલ-કપટ કરી શકે છે પરંતુ ઈશ્વર કયારેય અસત્ય વ્રત કે વ્રતને ખંડિત કરતો નથી. બધા લોકો તે પરમશક્તિ પાસે સ્વસ્તિ-કલ્યાણની પ્રાર્થના કરતા જણાય છે, તે યોગ્ય અને ઉચિત પણ છે.

ઈશ્વર પોતાનું જે વ્રત છે તેનું પાલન નિશ્ચિત પણે કરે જ છે. આપણે પણ તેની આજ્ઞાનું પાલન કરવું જ પડશે.

**दृष्ट्वा रूपे व्याकरोत सत्यानृते प्रजापतिः।**
**अश्रद्धामनृतेऽदधाच्छ्रद्धां सत्ये प्रजापतिः।** यजु. १९-७७

ઈશ્વરની આજ્ઞા છે કે સત્યમાં શ્રદ્ધા પ્રીતિ રાખતા સત્યાગ્રહી, સત્યવાદી, સત્યમાની, સત્યકારી બનીએ. અસત્યમાં અશ્રદ્ધા રાખી અસત્યથી દૂર રહી અસત્યને ત્યાગી છોડી દઈએ.

આ વાત કલ્પના માત્ર નથી પરંતુ સત્ય છે. જે એક દૃષ્ટાંત દ્વારા આપણે સમજવાનો પ્રયત્ન કરીએ. મહર્ષિ દયાનંદ સત્યવાદી, સત્યકારી હતા એટલે કે ઈશ્વરની આજ્ઞાનું પાલન કરતા હતા. મહર્ષિ દયાનંદજીને જોધપુરમાં ઝેર આપવામાં આવ્યું હતું. તેમને સારવાર માટે અજમેર લઈ જવામાં આવ્યા હતા. સ્વામીજીના રોગી થવાનાં સમાચાર લાહોર આર્યસમાજ સુધી પહોંચ્યા હતા. ત્યાંથી સ્વામીજીની સેવા માટે બે-ત્રણ આર્યજનોને ઉપસ્થિત કરવામાં આવ્યા હતા. જેમાં પં. ગુરુદત્ત વિદ્યાર્થી પણ હતા, જે નાસ્તિક હતા. જ્યારે તે મુસાફરી કરી રહ્યાં હતા તે દરમ્યાન તેના મનમાં વિચાર ચાલતો હતો કે જોઉ તો ખરા ઈશ્વરભકતની કેવી દશા છે. તે મુસાફરી કરીને જ્યારે દયાનંદજીની સેવામાં ઉપસ્થિત થાય છે ત્યારે મહર્ષિ દયાનંદના શરીરને જોઈને એવું પ્રતીત કરતા હતા કે કેટલું ભયંકર દુઃખ છે. પરંતુ જ્યારે તેના મુખ સામે જુએ છે ત્યારે એક પણ દુઃખની રેખા ન હોય, મુખમંડલ પ્રસન્ન હતું. આ જોઈને નાસ્તિક ગુરુદત્ત આસ્તિક બની જાય છે. આટલું દુઃખ હોવા છતા પણ સ્વામીજી પ્રસન્ન હતા. એના પાછળનું એ જ કારણ હતું કે ઈશ્વર પોતાના આજ્ઞિક સેવક પર પોતાના આનંદની વર્ષા કરી કલ્યાણ કરી રહ્યા હતા. જો આપણે પણ ઈશ્વરની આજ્ઞાનું પાલન કરીશુ તો તે પોતાના આનંદની વર્ષા કરી આપણું કલ્યાણ અવશ્ય કરશે.

# વેદ પ્રવચન

પંડિત ગંગાપ્રસાદ ઉપાધ્યાય
અનુવાદક : નાથુભાઈ ડોડિયા

उद् वयं तमसस्परि स्वः पश्यन्त उत्तरम् ।
देवं देवत्रा सूर्यमगन्म ज्योतिरुत्तमम् ।। अथर्ववेद ७-५३-७

**અન્વય :-** वयं तमसः परि (उपरि) स्वः (ज्योतिः) पश्यन्तः सूर्य्यं उद्गन्म । उत्तमं ज्योतिः अगन्म । देवत्रा (देवेषु) उत्तमं ज्योतिः पश्यन्तः देवं सूर्य्यं अगन्म ।

અર્થ:- (वयम्) અમે લોકોએ (तमसः) પાપ કે અંધકારથી (परि) ઉપર ઊઠીને (स्वः पश्यन्तः = ज्योतिः दृष्टवन्तः) પ્રકાશને જોયો અને (देवं सूर्य्यम्) પરમ પ્રકાશક ઈશ્વરને (उद् + अगन्म) પામી લીધો (उत्तरम्) આગળ વધીને જોયું તો (उत्तरं ज्योतिः) અધિક તેજવાળા પ્રકાશને પામ્યા અને વધારે આગળ વધ્યા તો (देवत्रा) દરેક પ્રકાશક વસ્તુમાં વ્યાપક (उत्तमं ज्योतिः) સર્વોત્કૃષ્ટ જ્યોતિ અર્થાત્ પરમ પ્રકાશ - પ્રભુની પ્રાપ્તિ થઈ.

**વ્યાખ્યા :-** तमसः परि - તમની ઉપર. तमस् નામ છે, અંધકારનું અને પાપોનું પણ. મનુષ્યનું સાધારણ જીવન અંધકાર કે પાપોથી આચ્છાદિત રહે છે. ખાવા-પીવા અને સંસારની જંજાળમાં રચ્યા પચ્યા રહેનાર મનુષ્યને પરમાત્મ - તત્વના દર્શન નથી થતાં. આપણને રોટલી તો દેખાય છે પરંતુ તેમાં વ્યાપક ઈશ્વર નથી દેખાતો. પાણી તો જોઈએ છીએ પરંતુ પાણીમાં વ્યાપક ઈશ્વરને નથી જોતા. જ્યાં સુધી આપણી આંખો સમક્ષ અંધકારની ડમરી હોય છે ત્યાં સુધી સૂર્યના દર્શન નથી થતાં. જ્યારે વધારે ધુમ્મસ પડે છે ત્યારે ચમકતો સૂર્ય પણ નથી દેખાતો. સંસારનો સાધારણ વ્યવહાર ધુમ્મસની જેમ પ્રકાશને ઢાંકી દે છે. લોકોને પૂછો કે શું આ સંસારમાં

આત્મતત્વ પણ છે? તેઓ કહેશે કે ક્યાં છે, બતાવો? તમે કહો છો કે ફૂલોમાં ઈશ્વર વ્યાપક છે. અમે ફૂલોની પાખડીઓ તોડી-તોડીને જોઈએ છીએ પણ કોઈ જગ્યાએ ઈશ્વરને જોવામાં નથી આવતો. જો ઈશ્વર પ્રત્યેક આંખને એક સમાનરૂપે જોવામાં આવે તો બધાજ મનુષ્યો સમાનરૂપે આસ્તિક અને ઈશ્વરમાં શ્રદ્ધા રાખનાર બને અને સંસારમાં પાપ, અંધકાર કે કલેશનું નામ-નિશાન રહે નહિ. પરંતુ આવી સમાન દૃષ્ટિ આપણને પ્રાપ્ત નથી થઈ. પરમાત્મ તત્ત્વની વાત તો દૂર રહી પરંતુ સાધારણ ભૌતિક પદાર્થ પણ આપણા સહુની આંખોમાં સ્પષ્ટતાથી સમાનરૂપે પ્રતીત નથી થતો. એક સુશિક્ષિત વૈજ્ઞાનિક અને નાનકડી પાંદડી જોઈને તેમાં જેટલા ગુણોના દર્શન કરે છે એટલા ગુણો તેમાં નાના બાળકને દેખાતા નથી. સાધારણ મનુષ્યની અપેક્ષાએ માળીની આંખ વધારે તેજ હોય છે. માળી કરતા વનસ્પતિશાસ્ત્ર વિશારદ વૈજ્ઞાનિકની આંખ વધારે તેજ હોય છે. અહીં એ વાત સિદ્ધ થાય છે કે આસ્તિકતા જાદૂની જેમ બધાને એકાએક પ્રાપ્ત થતી નથી. જેમ બાળક એક-એક અક્ષર ભણીને અંતમાં વિદ્વાન થાય છે તેવી જ રીતે આત્મ-દર્શનનો પણ વિકાસ થાય છે. તેની પણ કક્ષાઓ હોય છે. જો આપ સુયોગ્ય ગણિતજ્ઞ બનવા ઈચ્છતા હોવ તો તે છૂમન્તર (ચમત્કાર) થી પ્રાપ્ત ન થઈ શકે. એક + એક = બે થી શરૂઆત કરીને ધીમે-ધીમે આગળ વધો તો આપ ગણિતની ઉચ્ચ કક્ષાએ પહોંચી શકો. કોઈ પણ વિદ્યાર્થીના જીવન ઉપર સાવધાની પૂર્વક દૃષ્ટિ નાખો અને જુઓ તે ધીમે ધીમે વિકાસના શિખરે પહોંચ્યો હશે. જો ગણિત એક દિવસમાં આવડતું નથી, વાંચવું-લખવું એક દિવસમાં આવડતું નથી, રસોઈ બનાવવાનું એક દિવસમાં આવડતું નથી, કપડાં વણતા એક દિવાસમાં આવડતું નથી, તો એ કેવી રીતે સંભવી શકે કે એક બે ભજનો ગાવાથી કે બે ચાર ઉપદેશો સાંભળવાથી તમે આસ્તિકતા જેવી સર્વોત્કૃષ્ટ વિદ્યાના સ્વામી બની શકો? આ વેદમંત્રમાં ક્રમશઃ આ વિકાસની તરફ સંકેત કરવામાં આવ્યો છે.

**તમસ પરિ** પાપોથી ઉપર ઊઠીને કોઈ મહા મહિનામાં સવારના વહેલા ઊઠીને જુઓ. સવાર પડયું છે સૂર્યોદય થવાને બે કલાક થયા છે, પરંતુ ચમકતો સૂર્ય જોવામાં નથી આવતો. ચારે બાજુ ધુમ્મસનું વાતાવરણ છે. અહીં એવું નથી કે સૂર્ય નથી ઉગ્યો, પરંતુ ધુમ્મસના વાતાવરણે આપણી દૃષ્ટિને કુંઠિત કરી દીધી છે. આ સમયે આપણે કોઈ ઊંચા પર્વત ઉપર જઈને જોઈશું તો આપણને સૂર્ય ચમકતો દેખાશે. શા માટે? એટલા માટે કે આપણે

ધુમ્મસની ઉપર જઈને જોયું છે. પૂનાથી મુંબઈ જતી રેલગાડી જ્યારે ઊંચાઈ ઉપર ચઢે છે ત્યારે આપણને લાગે છે કે ગાડી ઉપર છે અને વાદળ નીચે ચારે તરફ ફરી રહ્યાં છે. કારણ કે આપણે તે સ્તરથી ઊંચે ચઢી ગયા જ્યાં વાદળોનું અંધારૂ હતું. જે વાત ભૌતિક પ્રકાશને લાગુ પડે છે તે વાત માનસિક અને આધ્યાત્મિક જ્ઞાનને પણ લાગુ પડે છે. અભણ વ્યક્તિને પુસ્તકોના પૃષ્ઠો એવા દેખાય છે કે જાણે સ્વચ્છ કાગળ ઉપર અંધારું ફેલાયું હોય. પરંતુ જ્યારે મનુષ્ય શિક્ષિત બને છે ત્યારે તેને અક્ષરોની એક એક રેખા જ્ઞાનની દ્યોતક લાગે છે કારણ કે વિદ્યાર્થી અંધકારથી ઉપર ઊઠી જ્ઞાનના પ્રકાશ તરફ આગળ વધી રહ્યો છે.

આ ક્રમિક વિકાસ માટે વેદમાં ત્રણ સુંદર શબ્દો આપ્યા છે - उत, उत्तर અને उत्तम આ तरप् અને तमप् (comparative and superlative) નો પ્રયોગ સારગર્ભિત છે. આમાં એક મોટું રહસ્ય છુપાયું છે. ઈશ્વર દર્શનના ઈચ્છુકે तमस परि - અંધકાર કે પાપોથી ઉપર ઊઠવું જોઈએ. યોગદર્શનમાં અષ્ટાંગ યોગનું વર્ણન આવે છે. યોગ માત્ર થોડાંક સાધારણ શ્વાસ-પ્રશ્વાસોના નિયંત્રણો કે શારીરિક આસનોનું નામ નથી. કેટલાક નટ (કલાકાર) એવા વિચિત્ર આસનો કરતાં જોવામાં આવે છે જેને જોઈને આશ્ચર્ય થાય છે કે તેણે પોતાના શરીરના અંગ ઉપર કેટલો બધો કાબુ મેળવી લીધો છે! પરંતુ તેઓ યોગી તો નથી. તેઓ આસ્તિકતા, આત્મદર્શન કે તત્ત્વજ્ઞાનમાં તદન કોરા કાગળ જેવા છે. યોગના આઠ અંગોમાં પ્રથમ અંગ - અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ છે. જે અંધકાર અને પાપોથી ઉપર ઊઠાવવા માટે જ છે. पाप्मा वै तमः पाप्मानं एवं अस्माद अप हन्ति (તૈત્તિરિય સંહિતા ૫-૧-૮-૬) અહિંસા અને સત્યની પ્રાપ્તિ ક્ષણભરમાં થતી જ નથી. જે પોતાને સાધુ કહે છે અથવા જેને સંસાર સાધુ તરીકે ઓળખે છે તેમને પણ અહિંસા અને સત્યની સાધનામાં શંકા રહે છે. જે લોકો રાત-દિવસ શાસ્ત્રોમાં સત્ય અને અહિંસાનો ઉપદેશ સાંભળે છે અને તેને આધારે દરરોજ બીજાને ઉપદેશ આપતા રહે છે તેઓ પણ કહેતા સાંભળવામાં આવ્યા છે કે સત્ય અને અહિંસાની સહાય લઈને શાકભાજી વેચનાર પણ વ્યાપારમાં સફળ થઈ નથી શકતો, તો પછી મોટી મોટી યોજનાઓની વાત ઘણી દૂર રહી. મહાત્મા ગાંધીજીએ પોતાના સત્ય અને અહિંસાના પરીક્ષણનો ઉલ્લેખ કરીને લખ્યું છે કે મેં આ બધી સત્ય અને અહિંસા પર લખવાની કોશિશ એ માટે કરી છે કે

જેને સત્ય અને અહિંસાની ઉપયોગીતા ઉપર થોડી શંકા છે, તેમનામાં કંઈક શ્રદ્ધા ઉત્પન્ન થાય. યોગ અને યોગીઓ પાછળ દોડનાર સમાજમાં લાખો લોકો છે. મોટા-મોટા શેઠ અને શેઠાણીઓ રોજ આવા યોગીઓની શોધમાં ફરતા રહે છે. જેથી તેઓની પાસેથી ધન પ્રાપ્તિનો સરળ નુસખો તેમને મળી જાય. આ લોકો યોગના ઈચ્છુક નથી, તે હિંસા અને અસત્યના તમસ-અંધકારથી ઉપર ઊઠવા પણ ઈચ્છતા નથી. તો પછી તેમને **सूर्य्य उदगन्म** અર્થાત્ પ્રભુના પ્રકાશની ઝાંખી કેવી રીતે થાય! હા, જો તેઓ એવો અભ્યાસ કરે જેનાથી જીવનમાંથી પાપની પ્રવૃત્તિઓ દૂર થાય તો તેમની દૃષ્ટિ ઊંચે ઊઠી શકે છે અને ઓછામાં ઓછું એટલું તો દૂરથી દેખાય છે કે કોઈ પર્વતની ટોચ ઉપર સૂર્ય ચમકી રહ્યો છે. સૂર્યનો અભાવ નથી, તે આપણા માથા ઉપર ચમકે કે ન ચમકે પરંતુ બીજાના માથા ઉપર ચમકતો રહે છે. આ પર્વતની ટોચ શું છે? મહાત્માઓના જીવન આપણને સાંસારિક **तमः - पून्ज** અંધકારથી ઉપર ઊઠતા દેખાય રહ્યાં છે અને આપણને પોતાની તરફ બોલાવી રહ્યાં છે કે ઉપરની તરફ આંખો ઊઠાવો અને ધીમે-ધીમે પહાડ ઉપર ચઢતા જાઓ-

Lives of great men, all reminds
We can make our lives sublime.
(Long Fellow's Psalm of life)

મહાત્માઓનું જીવન આપણને સ્મરણ કરાવે છે કે આપણે પણ આપણા જીવનને ઉત્કૃષ્ટ બનાવી શકીએ છીએ.

ક્યારે? જ્યારે આપણે સ્વર્ગ **स्वः पश्यन्त** સ્વર્ગ અર્થાત્ ઉપરની બાજુએ જોઈએ ત્યારે. **स्वः** નો અર્થ અહીં કોઈ વિશેષ સ્થાન નથી. વિષય વાસનાઓના ધુમ્મસની ઉપર ઊઠતાં જ આત્માને પ્રકાશની પ્રાપ્તિ થવા લાગે છે. સમ્રાટ અશોકનું જીવન પાપમય હતું, તેણે માનવ સંહારમાં કોઈ કસર બાકી રાખી ન હતી. એકાએક તેની આંખ આ અંધકારની ઉપર જોવા લાગી અને તેને એક એવી જ્યોતિના દર્શન થયા, જેનાથી તેના જીવનમાં પરિવર્તન થયું, તેને સત્ય અને અહિંસા ઉપર શ્રદ્ધા ઉત્પન્ન થઈ. આવી જ રીતે આપણને પ્રકાશના કિરણો દેખાય તો તેનાથી સંતુષ્ટ ન રહેતા આગળ વધારે પ્રકાશના કિરણો જોવાનો અભ્યાસ કરતા રહેજો. જ્યારે આપ ઉત્તરોત્તર ઉન્નતિ કરશો તો તમોને આત્મપ્રકાશના અધિક દર્શન થશે. દરેક વાત અભ્યાસથી આવડશે. પૂર્ણ અભ્યાસ થવાથી **देवत्रा देवं पश्यन्त** દરેક દેવમાં પરમાત્મદેવના દર્શન

થઈ જશે, આ પરાકાષ્ઠા છે.

'देवत्रा' 'देवमनुष्यपुरुषमर्त्येभ्यो द्वितीयासप्तम्योर्बहुलम्' આ પાણિનિ (૫-૪-૫૬) સૂત્ર મુજબ અહીં त्रा પ્રત્યય સાતમી વિભક્તિના અર્થમાં છે. देवत्र નો અર્થ થયો 'દેવોમાં'. દેવ અર્થ છે, પ્રકાશમાન પદાર્થનો. દેવ તો ઘણા બધા છે. સૂર્ય ચમકે છે એથી દેવ છે. અગ્નિ ચમકે છે એથી દેવ છે, આગિયો (જુગનુ) ચમકે છે એથી દેવ છે, વીજળીનો ગોળો ચમકે છે એથી દેવ છે, ગેસનો દીવો ચમકે છે એથી દેવ છે, બુઝાતા પહેલાં ટમટમતો ઘાસતેલનો દીપક પણ દેવ છે કારણ કે તે ચમકે છે. આપની આંખ ચમકે છે એથી દેવ છે. ઘુવડની આંખ ચમકે છે એથી દેવ છે. કીડીની આંખ ચમકે છે એથી દેવ છે. પરંતુ આ બધા દેવોથી મહાન અને આ બધાનાં મૂળાધાર પરમાત્મા મહાદેવ છે જે उत्तम ज्योतिः સર્વથી મોટી જ્યોતિ છે, પાપરૂપ અંધકારની ઉપર ઊઠીને જ્યારે મનુષ્યનું હૃદય નિર્મળ થતું જાય છે ત્યારે જે પ્રકાશ પહેલાં ઝાંખો લાગતો હતો ને હવે વધુ સ્પષ્ટ દેખાતો જાય છે, અને આપણે અનુભવ કરવા લાગીએ છીએ કે, જ્યાં પહેલા એક તરફ જ્યોતિઓ નાની નાની હતી ત્યાં પરમાત્મ જ્યોતિ સર્વથી મહાન અને સર્વથી ઉત્તમ છે. અને બાકીની તમામ જ્યોતિઓ આ મહાન જ્યોતિના આધારે પ્રકાશિત છે. ઉપનિષદ કહે છે -

न तत्र सूर्य्यो भाति न चन्द्रतारकं नेमा विद्युतो भान्ति कुतोऽयमग्निः।
तमेव भान्तमनुभाति सर्वं तस्य भासा सर्वमिदं विभाति।।

मुंडकोनिषद २-२-१०

પરમાત્મ-પ્રકાશમાં સૂર્યનો પ્રકાશ કામ નથી આપતો, ન ચન્દ્રનો, ન વીજળીનો, ન આ ભૌતિક અગ્નિનો. જ્યારે પરમાત્માનો પ્રકાશ ચમકે છે ત્યારે બીજા પ્રકાશ તેના આધારે ચમકવા લાગે છે. સમસ્ત જગત તે એક જ પ્રકાશથી પ્રકાશિત છે.

સૂર્યને જોવા કોઈ દીપક નથી પ્રગટાવતા. દીપકમાં પણ સૂર્યનો જ પ્રકાશ છે. એવી જ રીતે પરમાત્માની ઉત્તમ જ્યોતિ પ્રકાશિત થવાથી સમસ્ત સંસાર પ્રકાશિત થઈ જાય છે.

## સ્વર્ણ પથ

સ્વામી જગદીશ્વરાનંદ

# સદાચાર

**मा दुरेवा उत्तरं सुम्नमुन्नशन्**।। ऋ.२.२३.८

(दुरेवा) દુરાચારી (उत्तरम्) ઉત્કૃષ્ટ (सुम्नम्) સુખને (मा उत् नशन्) ન પામે!

જે સદાચારી છે તે જ સુખ મેળવે છે. જે દુરાચારી છે તે તો સ્વસ્થ જ નથી રહી શકતો, પછી તેને સુખનાં દર્શન તો કેવી રીતે થઈ શકે? જો તમે સુખ, શાંતિ અને આનંદ ચાહતા હો તો સદાચારી બનો!

સદાચાર શું છે? **सतामाचारः सदाचारः** સત્પુરુષો, શ્રેષ્ઠ પુરુષોના શાસ્ત્ર-સંમત આચાર અને સદવિચારોનું નામ જ સદાચાર છે. આચારમાં અનેક બાબતોનો સમાવેશ થાય છે, જેમ કે-

ઉત્તમ ગ્રંથોનો સ્વાધ્યાય કરવો જોઈએ. બને ત્યાં સુધી ફાટેલા અને મેલા કપડાં નહિ પહેરવાં જોઈએ. પોતાના વાળ, નખ, વગેરેને કપાવતા રહી સાફ રાખવા જોઈએ. તદન નાગા થઈ સ્નાન નહિ કરવું જોઈએ અને નગ્ન થઈને સૂવું પણ ન જોઈએ. પાણીમાં ગંદી વસ્તુઓ નહિ નાખવી જોઈએ. માંસ કદી નહિ ખાવું જોઈએ. રોજ સત્પુરુષોનો સત્સંગ કરવો જોઈએ. વ્યર્થ વાદવિવાદ કરવો જોઈએ નહી. બંને હાથે માથાને ખંજવાળવું નહિ જોઈએ, આમ કરવાથી આયુષ્યને હાનિ થાય છે. બીજાએ પહેરેલા જોડા, કપડાં અને માળા વગેરે નહિ પહેરવાં જોઈએ. ગરીબ, લૂલા, આંધળા અને કાણા વગેરેની મજાક-મશ્કરી નહિ કરવી જોઈએ. દિવસે સુવું ન જોઈએ. આ અને આ પ્રકારની બીજી અનેક વાતો સદાચારમાં વણાઈ જાય છે.

આજે સદાચારનો ઠેકઠેકાણે શણગાર થઈ રહ્યો છે. પાવડર, ક્રીમ હેજલીન, વેસલીન અને કોણ જાણે શું-શું શરીર પર ઘસવામાં આવે છે. ખિસ્સામાં અરીસો અને કાંસકો છે, દિવસમાં દસ-દસ વખત વાળ ઓળે છે, વારંવાર અરીસામાં જોયા કરે છે. આવા જ એક યુવાનને કોઈએ પૂછ્યું

"તું વારંવાર અરીસામાં તારો ચહેરો શા માટે જોયા કરે છે?"

યુવાને કહ્યું, "હું અરીસામાં એટલા માટે જોયા કરું છું કે કોઇ ડાઘ વગરે તો ચહેરા પર નથી પડી ગયો ને? સૌદર્યમાં કાંઈ ખામી તો નથી આવી ગઈ ને?"

પેલા વ્યક્તિએ કહ્યું, "મુખના સૌદર્યને જુએ છે તેમ શું કદી પોતાના મનના સૌદર્યને પણ જુએ છે?"

વારંવાર અરીસામાં ચહેરો જોનારા યુવાનો! જો તમે તમારા અંતઃકરણને જોઈને તેમાં રહેલા ડાઘને દૂર કરશો તો તમારા મુખ મંડળ પર એવી આભા, જ્યોતિ, દીપ્તિ, તેજ, ઓજ અને લાવણ્યની છટા આવશે કે ફકત તમે એક જ નહિ, બીજા લોકો પણ તમારી આકૃતિનાં દર્શન કરી સંતોષ અનુભવશે. કોઈ કવિએ કેટલું સુંદર કહ્યું છે -

**જિસને સદાચાર કે બલ પર ગુણ-ગૌરવ કા દીપ જલાયા,**
**જ્યોતિષ્માન રહા બુઝકર ભી, ઈસ જગ મેં વહ અમર કહાયા.**

સદાચાર જ વિશ્વની પ્રતિષ્ઠા છે, સદાચારના બળ પર જ વિશ્વ ટકી રહ્યું છે. જનતા સદાચારી મનુષ્ય પર જ વિશ્વાસ કરે છે, તેની પાસે દુનિયા જાય છે. સદાચાર તમારા પાપોને ભસ્મ કરે છે. (અર્થાત્) સદાચારથી જ પાપ થતા અટકે છે) સદાચારથી બધું જ સહજ છે, માટે સદાચારી બનો. યાદ રાખો -

**આચાર અપના શુદ્ધ રખ, મત હો દુરાચારી કભી !**

## સૂચના........

આર્ય વૈદિક દર્શન માસિકમાં આવતા લેખો, મંતવ્યો વિશે આપના તરફથી સૂચનો અને અભિપ્રાયો આવકારીએ છીએ.

આપના તરફથી વિચારોં અને લેખન સામગ્રી મોકલવા વિનંતી છે.

# જિજ્ઞાસા - સમાધાન

-આચાર્ય સોમદેવ આર્ય

**જિજ્ઞાસા :-** વૈદિક મૂલ્યો અનુસાર કર્મોનું ફળ અવશ્ય પ્રાપ્ત થાય છે. અહીંયા બે સંભાવનાઓ છે કે ફળ આ જન્મમાં મળી શકે અથવા આગળના જન્મમાં પણ મળી શકે. મનુષ્યને પાછળનાં જન્મ વિશે કંઈપણ યાદ રહેતું નથી. આ જ વાતના આધારે કેટલાંય લોકો કહેતા હોય છે કે, જેટલો ભોગ કરવો હોય તેટલો આ જ જન્મમાં કરી લો, આગલા જન્મમાં તો આ યાદ રહેશે નહીં. કૃપયા ઉચિત સમાધાન આપી માર્ગદર્શન કરવાનું કષ્ટ કરશો.

**સમાધાનઃ-** વૈદિક મૂલ્યોના આધારે કર્મોનું ફળ અવશ્ય પ્રાપ્ત થાય છે. શ્રેષ્ઠ કર્મોનું શ્રેષ્ઠ અને નિકૃષ્ટ કર્મોનું નિકૃષ્ટ ફળ ભોગવવું પડે છે. આ જન્મમાં અથવા આગલા જન્મમાં ભોગવવું પડે છે. આ તો સત્ય જ છે કે આ જન્મનું આગલા જન્મમાં અને પાછલા જન્મનું આ જન્મમાં યાદ રહેતું નથી પરંતુ આ પણ નિશ્ચિત છે કે આ જન્મમાં પણ મુખ્ય-મુખ્ય વિશેષ ઘટનાઓને છોડીને ઘણું બધુ જીવન એવું છે કે, જે આપણને યાદ નથી. તેમાં કર્મ તો આપણે કર્યાં જ છે. કોઈપણ જણાવે કે જ્યારે ૧૪ વર્ષની ઉમર હતી તેના પાંચમાં મહીનાના મધ્યના પાંચ દિવસોમાં શું કર્યુ હતું, કેવી રીતે આપણા હાથોએ ચીજ-વસ્તુઓને ઊઠાવી હતી, કઈ બાજું આપણું મુખ હતું, શું-શું વાતો કરી હતી આદિ-આદિ? આ કોઈ બતાવી શકશે નહીં જ્યારે આ જન્મનું યાદ નથી તો પાછલા જન્મની કથા શું કહેવી!

કંઈપણ યાદ રહેતું નથી, એટલે અત્યારે ભોગવી લે, આ કથન ઠીક નથી, કારણ કે એવું આપણે કઈ રીતે કહી શકીએ કે જે કંઈ આપણે ભોગવી રહ્યાં છીએ, તે આ જન્મનું છે અને એ આપણને યાદ છે? એવું આપણે કયારેય ચોકકસતાથી કહી શકીએ નહી. પૂર્વ જન્મમાં કોઇની કોઈ સાથે શત્રુતવ હતી, હવે તે મિત્ર છે. પૂર્વ જન્મમાં કોઈની કોઈ પત્ની હતી, હવે બહેન છે. કોઈ ધનવાન પિતાનો પુત્ર હતો, હવે તે દરિદ્રનો પુત્ર છે, આ બધું યાદ આવવાથી મનષ્યની શું સ્થિતિ થાય? કેવી રીતે વ્યવહાર કરશે? માટે, એ જ વ્યવસ્થા ઠીક છે કે આત્માને પૂર્વ જન્મનું કંઈપણ યાદ રહે નહીં, આમાં જ આત્માનું સાચું હિત છે.

**જિજ્ઞાસા :-** કોઈને પોતાના કર્મફળથી સ્ત્રીનો જન્મ મળે તે આધુનિક ટેકનોલોજીથી લિંગ પરિવર્તન કરાવીને પુરુષ બની જાય તો ઈશ્વર દ્વારા તેને

સ્ત્રી બનવાનો દંડ દીધો એ વ્યવસ્થા તો બગડી ગઈ?

જો કોઈ પુરુષ સ્ત્રી બની જાય તો ઈશ્વર દ્વારા કર્મફળ પુરું કઈ રીતે કરવામાં આવશે, કારણ કે સ્ત્રી તો પુરુષથી ન્યૂન જન્મ માનવામાં આવે છે?

**સમાધાન:-** આવું કરીને કોઈપણ પુરુષ પૂર્ણરૂપે સ્ત્રી બની શકતો નથી અને ન તો સ્ત્રી પૂર્ણરૂપે પુરુષ બની શકે છે. વ્યવસ્થા બગડવાની જો વાત કરીએ તો પરમેશ્વરે આત્માને કર્મ કરવામાં સ્વતંત્રતા આપેલ છે, તે એવું કરી શકે છે, તે તેની સ્વતંત્રતા છે. જો વ્યવસ્થા બગાડે છે તો ઈશ્વર દંડ અવશ્ય આપે જ છે. જો કોઈ પુરુષ સ્ત્રી બની જાય છે તો પુરુષ બનવા રૂપી કર્મોનું શેષ ફળ (જે બચ્યું છે) ઈશ્વર આગલા જન્મમાં આપી દેશે. સ્ત્રીને પુરુષ જન્મથી ન્યૂન કહેવું ઉચિત નથી, કારણ કે તે પણ કર્મ કરવામાં તેટલી જ સ્વતંત્ર છે, જેટલો પુરુષ. સ્ત્રી પણ પુરુષોની જેમ જ્ઞાન પ્રાપ્ત કરીને મોક્ષ પ્રાપ્ત કરી શકે છે.

**જિજ્ઞાસા:-** કોઈને કેટલાંય જન્મોં પછી વાઘની યોનિ મળવાની હોય અને ત્યાં સુધીમાં વાઘ વંશ જ નષ્ટ થઈ જાય તો તેનું ફળ શું હશે?

સમાધાન:- જો વાઘ યોનિ આ પૃથી ઉપરથી નષ્ટ થઈ જાય તો પણ પરમેશ્વરને માટે આત્માઓને ફળ આપવામાં કોઈ અડચણ રહેશે નહીં, કારણ કે પરમાત્માના આ વિશાળ બ્રહ્માંડમાં આપણી પૃથ્વીની જેમ અન્ય કરોડો પૃથ્વીઓ છે, જ્યાં મહર્ષિ દયાનંદના અનુસાર પ્રાણી જગત છે. ઈશ્વર એવી આત્મા જેને વાઘની યોનિ મળવાની હતી તેને અન્ય પૃથ્વી ઉપર પહોંચાડી ફળ આપશે. માની લઈએ (એવું થવું અસંભવ છે તેમ છતા પણ) કે સર્વત્ર વાઘ યોનિ જ નષ્ટ થઈ તો પણ પરમાત્મા ફળ તો આપશે જ, કારણ કે, પરમાત્માની પાસે ઘણા બધા વિકલ્પો પણ છે. તે વાઘની સમાન અન્ય યોનિમાં તે આત્માને મોકલી કર્મફળ આપશે.

**જિજ્ઞાસા:-** દૂરદર્શનની એક ચેનલમાં એક ધારાવહિકમાં ગત દિવસોમાં પ્રશ્ન ઉઠાવ્યો કે જો 'વિકલાંગતા' પૂર્વ જન્મમાં પગ દ્વારા કરવામાં આવેલ પાપનું ફળ છે તો વર્તમાનમાં પોલિયોના દર્દી મળવાનું બંધ થઈ ગયું છે. તો શું પગથી થતા પાપ બંધ થઈ ગયા છે?

**સમાધાન:-** વિકલાંગતા (પોલિયો) પૂર્વ જન્મમાં પગ દ્વારા કરેલ પાપનું ફળ છે એવું વાંચ્યું કે સાંભળ્યું નથી, કારણ કે પોલિયાવાળા બાળકો જ્યારે જન્મ લે છે તે સમયે તેના પગ સ્વસ્થ જ હોય છે. જન્મ પછી જે બાળકોની રોગ પ્રતિકારક ક્ષમતા ઓછી હોય છે, તેને એક સૂક્ષ્મ જીવ વિશેષના કારણે

પોલિયો થાય છે. જેમ જેમ બાળકનો વિકાસ થાય છે તેમ તેમ તેની રોગ-પ્રતિકારક શક્તિ વધે છે અને તેને પોલિયો થતો નથી. આને બાળ પક્ષાઘાત કહેવામાં આવે છે. આજકાલ લગભગ પાંચ વર્ષના બાળકોને જે પોલિયોની દવા પીવડાવવામાં આવે છે તે પણ રોગ પ્રતિશોધક ક્ષમતાને જ વધારે છે, જેનાથી પોલિયો થતો નથી. વર્તમાનમાં પોલિયોના રોગી મળવાના બંધ થઈ ગયા છે, તેનાથી એ કહી શકાય નહીં કે પગ દ્વારા થતા પાપ બંધ થઈ ગયા છે. કર્મફળ વ્યવસ્થામાં શરીર, વાણી અને મન ત્રણેય દ્વારા થયેલ કર્મોના આધારે ફળ મળે છે, માત્ર પગના કર્મોનું નહીં. જો આ પ્રકારના કર્મ થાય છે તો પરમાત્મા તે કર્મોના ફળને આપવામાં સમર્થ છે.

**જિજ્ઞાસા :-** કોઈનો રંગ કાળો છે, કોઈની આંખ ભૂરી છે અથવા જન્માન્ધ છે પરંતુ વર્તમાનમાં લેજર તકનીક, સર્જરી આદિ દ્વારા આ બધાનું સમાધાન કરવામાં આવી રહ્યું છે તો પછી ઈશ્વરનો દંડ કેવી રીતે સફળ રીતે સફળ થશે?

**સમાધાન :-** શલ્ય ચિકિત્સાથી જે કોઈ ત્વચાદિને પરિવર્તિત કરાવી લે છે અને સુંદર દેખાવા લાગે છે તો તે તેનો પુરુષાર્થ છે. ધનનો વ્યય તેણે કર્યો છે, માટે તે તેવું કરી શકયા. પુરુષાર્થ કરવો પરમેશ્વરની આજ્ઞાનું પાલન કરવું છે. તેણે ત્વચાને પરિવર્તિત કરાવી, તે પરિવર્તિત ત્વચા, સ્વાભાવિક ત્વચાની જેમ સહનશક્તિવાળી હોતી નથી. તેમાં ઠંડી-ગરમી સહન કરવાનું સામર્થ્ય એટલું હોતું નથી. જેટલું પ્રાકૃતિક ત્વચામાં હોય છે. હા, તે કાળી ત્વચાદિ તેનું કર્મફળ જે હતું અને હવે તેણે તેને બદલી નાખ્યું. એવું કરવાથી તેનું કર્મફલ નષ્ટ થઈ ગયું એવું નથી, કારણ કે એવું કરવાથી પણ જે તેનું કર્મફળ છે તેના આધારે પરમેશ્વર તેનો દંડ પણ અવશ્ય આપશે. ઈશ્વર પાસે દંડ દેવાના કેટલાંય વિકલ્પો છે.

---

पुण्य को बढाने के लिए

तीन उत्तम कार्यों

**१) अज्ञानी को ज्ञान देना**

**२) निर्धनों को दान करना**

**३) निर्बलों की रक्षा करना**

# મહર્ષિ દયાનંદ વિચારધારા અને સિદ્ધાંતો

૧) ઈશ્વર, પ્રકૃતિ અને જીવ આ ત્રણે અનાદિ છે. તેમાં જીવ અને ઈશ્વર બંને ચેતન સ્વરૂપ છે. પ્રકૃતિ એ જડ સ્વરૂપ છે.

૨) ધર્મ : ઈશ્વરની આજ્ઞાનું પાલન કરવું અને પક્ષપાત રહિત ન્યાય અને સર્વનું કલ્યાણ કરવાનું જેનું સ્વરૂપ છે તથા જેની પ્રત્યક્ષ પ્રમાણોથી બરાબર કસોટી કરેલી છે તથા વેદોક્ત હોવાથી બધા જ મનુષ્યો માટે એક જ ધર્મ સ્વીકારવા યોગ્ય છે તેને ધર્મ કહે છે.

૩) ઈશ્વર : જેના ગુણ કર્મ, સ્વભાવ અને સ્વરૂપ સત્ય જ છે. જે કેવળ ચેતન માત્ર વસ્તુ છે. જે અદ્વિતીય, સર્વશક્તિમાન, નિરાકાર, સર્વવ્યાપક, અનાદિ અનંત વગેરે સત્ય ગુણવાળો છે અને જેનો સ્વભાવ અવિનાશી, અનાદિ, શુદ્ધ, ન્યાયકારી, દયાળુ અને અજન્મા વગેરે છે. જેનું કામ જગતની ઉત્પત્તિ, પાલન ને વિનાશ કરવાનું અને બધા જીવોને પાપ અને પુણ્યનું ફળ યોગ્ય રીતે આપવાનું છે તેને ઈશ્વર કહે છે.

૪) મોક્ષ: જેનાથી બધા ખરાબ કર્મો અને જન્મ-મરણ વગેરે દુઃખ સાગરથી છૂટીને સુખ સ્વરૂપ પરમેશ્વરને પ્રાપ્ત કરીને સુખમાં જ રહેવું છે તેને મુક્તિ કહેવામાં આવે છે.

૫) વેદ: બધી જ સત્ય વિદ્યાઓનું પુસ્તક છે.

૬) પૂજા (ઉપાસના): મૂર્તિ, ફોટા, ચિત્રો, પાષાણ .... વગેરેની પૂજા કરવી તે ઈશ્વર પૂજા નથી. તે પ્રકૃતિની પૂજા કહેવાય છે. તે કરવાથી ઈશ્વર પૂજાનું ફળ કદાપિ મળતું નથી.

૭) મહાન પુરુષો: શ્રીકૃષ્ણ, શ્રીરામ આ બધા આર્ય સંસ્કૃતિના મહાન પુરુષો છે. ઈશ્વર નથી. તેમણે ઘણા સારા કાર્યોમાં પોતાનું યોગદાન આપેલું છે.

૮) શિક્ષણ: જે માતા-પિતા અને આચાર્ય સંતાન અને શિષ્યને શિક્ષણ આપવામાં લાડ લડાવે છે તેમના સંતાન અને શિષ્ય અસત્ય, મૂર્ખ અને અશિક્ષિત બને છે અને જે માતાપિતા અને ગુરૂ પોતાના સંતાન અને શિષ્યને ભણાવવા બાબતે તાડન કરે છે, કઠોર બને છે તેમનાં જ સંતાનો અને શિષ્ય વિદ્વાન, સભ્ય અને સુશિક્ષિત થાય છે.

'વ્યવહાર ભાનુ' માંથી ઉદ્ધૃત

(સ્વામી સ્વતંત્રાનંદજીની પ્રેરણાથી પં. રુચિરામ અરબ દેશોમાં વૈદિક ધર્મના પ્રચાર અર્થે સન્ ૧૯૨૯ થી ૧૯૩૫ સુધી સાત (૭) વર્ષ અરબ દેશોમાં અનેક કષ્ટો વેઠીને ફર્યા હતાં. તેમની યાત્રાનું વર્ણન ગુજરાતી અનુવાદ સાથે દર મહિને પ્રસિદ્ધ કરવામાં આવે છે.)

# “અરબમાં વૈદિક ધર્મનો પ્રચાર”

– પં. રુચિરામ આર્યોપદેશક

સ્મૃતિશેષ હસમુખરાય પરમાર

ગતાંકથી આગળ...

ત્યાંથી હું સૈદા બંદર તરફ આવ્યો. અહીં બે સપ્તાહ રોકાઈ વૈદિક ધર્મનો પ્રચાર કર્યો. પાંચ દિવસ પછી બૈરુત જઈ પહોંચ્યો. આ એક મોટું બંદર છે, જે ‘બુહેરા રૂમ’ ના કિનારે છે. અહીં યુરોપથી જહાજોની આવન - જાવન રહે છે એટલે ધંધા-રોજગાર વધુ છે. મિશ્રની જેમ જ અહીં ઘણા બધા છાપખાના (પ્રેસ) છે જ્યાં અરબીના સમાચારપત્ર અને પુસ્તકો છપાય છે. વસ્તીમાં મુસ્લિમોથી વધુ ઈસાઈ છે અને શાસન ફ્રેંચોનું છે. બજારો મિશ્રની જેમ ખૂબ જ વિશાળ છે.

મારે અહીંથી દમિશ્ક જવું હતું, પણ ઠંડી હદથી વધુ હતી. દમિશ્કથી જે મોટરગાડીઓ અહીં આવતી હતી તેની છત બરફથી છવાયેલી હતી. મેં ત્યાં એક મહિનો રહીને પ્રચાર કર્યો, પરિણામે અહીં પણ જમીયતુલ હિજબુલ્લાહ (આર્યસમાજ) સ્થાપિત થઈ ગઈ.

બૈરૂત ઉપરાંત પૂરા શામ (સિરીયા) માં ફ્રેંચોનું શાસન છે, તેથી શાળાઓમાં ફ્રેંચ ભાષા શીખવાય છે. થોડાક હિન્દુ, સિંધી વેપારીઓની પણ દુકાનો છે.

## જબલ (પહાડ) લિબનાન

જબલ લિબનાનને શામ (સિરીયા) નું કશ્મીર ગણવામાં આવે છે. ઉનાળામાં શામ અને મિશ્રના લોકો અહીં ફરવા માટે આવે છે. જબલ લિબનાન ખૂબ મોટો પહાડ છે. અહીંની જનસંખ્યા ચાલીસ હજાર જેટલી છે, પણ એ બધા જ આરબ ઈસાઈ છે. મુસલમાન કોઈ જ નથી છતાં જો કોઈ આરબ મુસલમાન અહીંથી નીકળે ત્યારે તેની સારી આગતા-સ્વાગતા કરે છે. જબલ લિબનાનના મોટા શહેરોમાં વિશાળ દિવાલો ઉપર મરિયમની આરસપહાણની મૂર્તિઓ રાખવામાં આવી છે.

હું જ્યારે અહીં પ્રચાર કરતો ત્યારે તે લોકો મને ભારતીય સમજીને

મહાત્મા ગાંધીજીના વિષયમાં ઘણું બધુ પૂછતા હતા. જ્યારે તેમને એ ખબર પડી કે હું તેની જ જાતિનો છું અને આર્ય છું. ત્યારે તેઓ ખૂબ જ પ્રસન્ન થયા. મેં ત્યાં બે મહિના સુધી વૈદિક ધર્મનો પ્રચાર કર્યો, જેથી ત્યાંના લોકોએ વૈદિક ધર્મને ખૂબ જ પસંદ કર્યો. આખા જબલ લિબનાનમાં ઘણી જગ્યાએ જમીયતુલ હિજબુલ્લાહ (આર્યસમાજ) ની સ્થાપના કરી.

શરૂઆતમાં મેં જ્યારે ત્યાંના આરબ ઈસાઈઓને જોયા તો બધા ફ્રેંચ જણાતા હતા, પણ થોડા જ દિવસોમાં મારો એ ભ્રમ તૂટી ગયો. અહીં અરબી, અંગ્રેજી, ફ્રેંચ ભાષાઓની શાળાઓ છે અને લોકો ખૂબ જ સભ્ય અને શિક્ષિત છે. જ્યારે મેં તેમને જણાવ્યું કે હું આર્ય છું તો તેઓએ આર્યોના ચાર વર્ણ એટલે કે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર વિશે જાણકારી પૂછી. મેં તેમને ચારેય વર્ણ અને તેની આવશ્યકતા સમજાવી જેને તેઓએ ખૂબ જ પ્રેમથી સાંભળી. પછી તેઓએ આશ્રમના વિષયમાં પૂછયું. જ્યારે મેં તેઓને સમજાવ્યું કે અમારે ત્યાં દરેક વ્યક્તિને સમયાનુસાર ચાર આશ્રમ અર્થાત બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસ આશ્રમમાંથી પસાર થવું પડે છે ત્યારે તેઓ હેરાન થયા, કેમ કે ત્યાં તો ફકત બે જ આશ્રમ છે - એક બ્રહ્મચર્ય અને બીજો ગૃહસ્થ. તેઓ મને પોતાના ચર્ચમાં લઈ ગયા અને તેમાં રહેવાવાળા ત્રીસ વ્યક્તિઓને બતાવીને કહ્યું કે એ લોકોએ સાઠ વર્ષ સુધી વિવાહ કર્યો નથી. બ્રહ્મચર્ય વિશેની એ લોકોની વિશેષ રૂચી મેં જોઈ. તેમણે જબલ લિબનાનના ઘણા વિસ્તારોમાં બ્રહ્મચર્યના વિષય પર મારા વ્યાખ્યાનો ગોઠવ્યા.

કોટ, પેન્ટ અને હેટ તો આ લોકો પહેરે છે, પણ અંગ્રેજોની જેમ છરી-કાંટાથી ભોજન કરતા નથી. આપણી જેમ જ હાથથી ભોજન લે છે. પહાડી વિસ્તાર હોવા છતા રસ્તાઓ ખૂબ જ સારા હોવાથી મોટરગાડી આવી-જઈ શકે છે.

**દમિશ્ક તરફ પ્રયાણ**

દમિશ્ક પહોંચતા પહેલા રસ્તામાં તરાબલ્સનું બંદર આવે છે. ત્યાં એક સપ્તાહ પ્રચાર કરીને પાંચ દિવસે પહોંચ્યો. હમુસ મુસલમાનોનું એક જાણીતું શહેર છે. ત્યા મેં બે સપ્તાહ સુધી પ્રચાર કર્યો. ત્યાંથી ચાલીને પાંચ દિવસે દમિશ્ક (શામ) જઈ પહોંચ્યોં. દમિશ્ક એક વિશાળ અને પ્રાચીન નગર છે. અહીં શિયાળામાં ખૂબ જ બરફ પડે છે અને મુસલમાનોના નબી જકરિયાની જિયારત ત્યાં આવેલી છે. આ જિયારત એક વિશાળ અને સુંદર

મસ્જિદમાં આવેલી છે અને 'અલજામિઆ અલઉમની' ના નામથી પ્રસિદ્ધ છે. તદુપરાંત મુસલમાનોના બીજી અનેક જિયારતો પણ છે જેમાંથી એકનું વર્ણન હવે કરીશ.

દમિશ્કની પાસે જ એક ટેકરી છે, જેમાં હાબીલ અને કાબીલની જિયારતગાહ છે. એમના વિષયમાં કથા છે કે મુસલમાનોના બાબા આદમથી જે છોકરાં-છોકરીઓ ઉત્પન્ન થયા હતા. તેમાં ભાઇ-બહેનમાં લગ્ન થતા હતા. હાબીલ અને કાબીલ જે આદમના દીકરા હતા તેમની વચ્ચે લગ્ન બાબતે ઝઘડો થયો. બંને એક જ બહેનની સાથે લગ્ન કરવા ઈચ્છતા હતા અને બંનેનો સરખો અધિકાર પણ હતો. છેવટે હાબીલે કાબીલને મારી નાખ્યો અને બહેનની સાથે લગ્ન કરી લીધા. હવે કાબીલની લાશનું શું કરવું તેનું એને જ્ઞાન ન હતું કેટલાય દિવસો સુધી તે લાશને લઈને પરેશાન થતો રહ્યો. એક દિવસ તેણે જોયું કે એક કાગડો મરેલા કાગડાને જમીન ખોદીને તેને દફનાવી રહ્યો છે. હાબીલે પણ કાગડાની નકલ કરી અને ભાઈને જમીનમાં દફનાવ્યો. તે કાબીલની જિયારતગાહ આ જ ટેકરી પર બનેલી છે. ટેકરી ની વચોવચ એક ગુફા છે. આ ગુફામાંથી પાણી ટપકતું રહે છે. ત્યારના મુજાબીર (પુજારી) મુસાફરોને કહે છે કે ટેકરી રોઈ રહી છે અને કયામતના દિવસે ખુદાને કહેશે કે હાબીલે કાબીલને મારી નાખ્યો હતો. તેની છત પર એક શિવલિંગ જેવો પથ્થર છે, જેને એ લોકોએ ટેકરીની જીભ ગણાવે છે. છતમાં બે કાણા બનાવ્યા છે, જેને તેની આંખ કહે છે. જે કાબીલની યાદમાં દિવસ રાત રડે છે. જો ટેકરીની છત ઉપર પાણીના બે ઘડા ઠાલવવામાં આવે અને તેની છતમાં કાણા કરી ન ખીએ તો એ ટેકરી કેમ ન રડે! તેમની આ વાત સાંભળીને મેં ધ્યાન દઇને એ ગુફા જોઈ.

આ ગુફા પણ સખરાતલ્લાહની જેમ અંધારી છે અને મીણબતીની મદદથી કામ ચાલે છે. આ જિયારતગાહ શહેરથી બહાર છે એટલે જે પણ યાત્રી અહી પ્રવાસે આવે છે તે અહીં વિશ્રામ કરે છે. ભીડ ખૂબ જ રહે છે. સ્ત્રીઓ પણ ઘણી સંખ્યામાં આવે છે. જેમાં બુરખાનું નામ-નિશાનપણ જોવા મળતુ નથી. ફ્રેંચ રાજ્ય હોવાથી લોકો ફ્રેંચ પોશાક પહેરવામાં પોતાની શાન સમજે છે. વૃદ્ધો પણ એક ઈંચથી વધુ લાંબી દાઢી રાખવાનું પસંદ કરતા નથી. ભારતના મુસ્લિમભાઈઓ જેવી લાંબી-લાંબી દાઢી તો મને આખા અરબમાં કયાંય જોવા ન મળી. હવે ભારત ઉપર એનો પ્રભાવ પડી રહ્યો છે. બીકની કોઈ વાત જ નથી. દાઢી અને બુરખાથી જ ઈસ્લામ થોડો છે?

# ગુજરાતનું ગતિશીલ આર્યસમાજ

## આર્યસમાજ ચરોત્તર પ્રદેશ- આણંદ

આણંદ સ્થિત ચરોતર પ્રદેશ આર્યસમાજ છેલ્લા ૯૦ વર્ષ ઉપરાંતથી અવિરત સામાજિક, ધાર્મિક અને રાષ્ટ્રીય કાર્યો કરી રહેલ છે. દર વર્ષે સંસ્થા સ્વતંત્રતા દિવસ અને પ્રજાસત્તાક દિનની અનોખી ઉજવણી કરતી આવી છે. તે મુજબ તા. ૨૬/૦૧/૨૦૨૦ ને શનિવારના રોજ ૭૧ માં પ્રજાસત્તાક દિન નિમિત્તે ધ્વજવંદનનો કાર્યક્રમ સંસ્થાના પ્રમુખશ્રી જશવંતસિંહ સોલંકી તથા મંત્રીશ્રી અશોકભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ સંસ્થામાં લગ્નવિધિ માટે આવેલા અને પ્રભુતામાં પગલાં પાડનારા-આંકલાવ નિવાસી પટેલ દર્પણ મનહરભાઈ તથા દંતાલી (હાલ યુ. એસ. એ.) નિવાસી કન્યા પટેલ હિરલ નિલેષના વરદહસ્તે તેમના માતા-પિતા સાથે પરંપરા અનુસાર કરવામાં આવ્યો. ત્યારબાદ રાષ્ટ્રધ્વજને સલામી આપીને સામુહિક રાષ્ટ્રગાન કરવામાં આવ્યું.



આ પ્રસંગે સંસ્થાના પદાધિકારીગણ શ્રી ચંદુભાઇ એ. પરમાર (સહમંત્રી) અને શ્રી રાજેન્દ્રસિંહ જે. રાજ (કોષાધ્યક્ષ) તેમજ અંતરંગ સભ્યો :- રમેશભાઇ સોઢા - ખાખોરા, શ્રી વિઠ્ઠલભાઈ પરમાર - સિંહોલ, શ્રી દિનકરભાઇ પટેલ - આણંદ, શ્રી કેતનભાઈ પટેલ - નાવલી, શ્રી ગોરધનભાઈ આર્ય - સામરખા તેમજ શ્રી પંડિત કનુપ્રસાદ શાસ્ત્રી - સામરખા સહિત કર્મચારીગણ તથા આમંત્રિતો અને લગ્નમાં સામેલ વર પક્ષ-કન્યા પક્ષના સગા સંબંધીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતા.

આ પ્રસંગે સંસ્થાના વ્યવસ્થાપકશ્રી વિજયકુમાર આર્યએ હાજર સૌને પ્રજાસત્તાક દિનની શુભેચ્છા પાઠવી હતી તથા ભારતમાતાની રક્ષા કરવા તથા દેશપ્રેમી બનવાની શીખ આપી હતી. અને પ્રભુતામાં પગલાં પાડનાર નવદંપતિને શુભાશીર્વાદ આપી સુખમય ગૃહસ્થ જીવન માટે શુભેચ્છા પાઠવી હતી.

# આર્યસમાજ - જામનગર

આર્યસમાજ જામનગર દ્વારા ઋષિબોધોત્સવ (શિવરાત્રી) ની ઉજવણી ઉત્સાહપૂર્વક કરવામાં આવી. આ ઉત્સવમાં યજ્ઞ અને સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા મહર્ષિ દયાનંદ સરસ્વતીના જીવન કાર્યો પર પ્રકાશ પાડવામાં આવ્યો.

આર્યસમાજ જામનગરના પ્રમુખશ્રી દિપકભાઇ ઠક્કર અને માનદ્ મંત્રીશ્રી મહેશભાઇ રામાણી દ્વારા વૈદિક મંત્રોચ્ચારથી યજ્ઞ કરાવવામાં આવ્યો.

શ્રીમદ્ દયાનંદ કન્યા વિદ્યાલય પ્રાથમિક વિભાગ, માધ્યમિક વિભાગ અને ઉચ્ચતર માધ્યમિક વિભાગની વિદ્યાર્થીનીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કરવામાં આવ્યો અને આ જ દિવસે વિશ્વ માતૃભાષા દિવસ હોઈને તેની પણ ઉજવણી કરવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમમાં આર્યસમાજ જામનગરના પ્રમુખશ્રી દિપકભાઇ ઠક્કર માનદ્ મંત્રીશ્રી મહેશભાઇ રામાણી, ઉપપ્રમુખશ્રી કીર્તિબેન એન. ભટ્ટ, કોષાધ્યક્ષશ્રી વિનોદભાઈ એમ. નાંઢા, અંતરંગ સદસ્યો શ્રી નરેન્દ્રભાઇ સી. મહેતા, શ્રી ભરતભાઇ જી. આશાવર, શ્રી ધીરજલાલ એમ નાંઢા, શ્રી સત્યદેવભાઈ વાવેરા, શ્રી પ્રભુલાલ ડી. મહેતા, શ્રી વિજયભાઇ પી. ચૌહાણ, શ્રી નિમુબેન એમ. રામાણી, શ્રી સતપાલજી આર્ય તેમજ સદસ્યો શ્રી રમેશભાઇ બી. રામાણી, શ્રી પ્રતિભાબેન આર. રામાણી, શ્રી પ્રવિણભાઇ એસ. જેઠવા, શ્રી ઉમેદભાઈ પીઠડીયા, શ્રી ધીરેન્દ્રભાઈ પી. ચૌહાણ, શ્રી પ્રભુલાલ જે. મહેતા, શ્રી અરવિંદભાઇ એમ. વાલંભિયા, શ્રી કુસુમબેન વી. નાંઢા, શ્રી કૈલાદેવી એસ. આર્ય હાજર રહ્યાં હતાં.

આર્યસમાજ અને આર્યવિદ્યાસભા જામનગરના પ્રમુખશ્રી દિપકભાઇ ઠક્કર દ્વારા પ્રસંગોચિત ઉદ્બોધન કરવામાં આવ્યું.

કાર્યક્રમમાં ભાગ લેનાર દરેક સ્પર્ધકને આર્યસમાજ જામનગર સંસ્થા દ્વારા રૂ. ૧૦૦ અને આર્યસમાજ જામનગરના માનદ મંત્રી શ્રી મહેશભાઇ રામાણી અને નરેન્દ્રભાઇ મહેતા દ્વારા ભાગ લેનાર દરેક સ્પર્ધકને રૂ.૫૦નું પારિતોષિક આપવામાં આવ્યું.

આભાર દર્શન આર્યસમાજ જામનગરના માનદ્ મંત્રી શ્રી મહેશભાઈ રામાણી દ્વારા કરવામાં આવ્યું.

## આર્યસમાજ - વઢવાણ

આર્યસમાજ વઢવાણ દ્વારા નવનિર્મિત યજ્ઞશાળાનું શુભ ઉદ્ઘાટન તા. ૦૯/૦૨/૨૦૨૦ ના રોજ રાખવામાં આવેલ હતું. જેના ઉદ્ઘાટન માટે ઉપદેશક મહાવિદ્યાલય ગુરુકુલ ટંકારાના ઉપાચાર્ય શ્રી ચંદ્રગુપ્તજી તેમજ તેમના ધર્મપત્ની શ્રીમતી મૈત્રીજી ના વરદ હસ્તે કરવામાં આવેલ.



આ કાર્યક્રમમાં સૌરાષ્ટ્રની તમામ આર્યસમાજના મંત્રી, પ્રમુખ તેમજ અન્ય અતિથિ મહાનુભાવોએ ઉપસ્થિત રહીને કાર્યક્રમની શોભા વધારી હતી.

## આર્યસમાજ - ભાવગનર

આર્યસમાજ ભાવનગરના ૧૩૦માં વાર્ષિક સ્થાપના દિવસ નિમિત્તે ક્રિયાત્મક યજ્ઞ પ્રશિક્ષણ શિબિરનું આયોજન સ્વામી શાંતાનંદ સરસ્વતી દર્શનાચાર્યના અધ્યક્ષ સ્થાને તા. ૧૫/૦૨/૨૦૨૦ અને ૧૬/૦૨/૨૦૨૦ બે દિવસીય રાખેલ. જેમાં શિબિરમાં (૧) દૈનિક યજ્ઞ વિધિનું પ્રત્યક્ષ પ્રશિક્ષણ, (૨) યજ્ઞનાં મંત્રોના શુદ્ધ ઉચ્ચારણનો અભ્યાસ (૩) યજ્ઞનું મહત્વ, લાભ તથા રહસ્યનું વૈજ્ઞાનિક વિવેચન, (૪) યજમાનોને યજ્ઞકર્તાના રૂપે દીક્ષા અર્પણ, (૫) યજ્ઞ વિશેની શંકાઓનું સમાધાન કરવામાં આવેલ. જેમાં યજમાન રૂપે ઘણી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહી યજ્ઞનો લાભ યજ્ઞ કરવાનો સંકલ્પ કરેલ.

## વૈદિક સંસ્થાન - ઓઢવ

અમદાવાદ પૂર્વ ઓઢવ વિસ્તારમાં આવેલ વૈદિક સંસ્થાન દ્વારા તા. ૧૬/૦૨/૨૦૨૦ના રોજ વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા સ્કુલો તથા કોલેજોના મળી કુલ પાંત્રીસ જેટલા વિદ્યાર્થીઓએ સફળતા પૂર્વક ભાગ લીધો હતો. સ્પર્ધામાં (૧) સ્વામી વિવેકાનંદ સરસ્વતી, (૨) સ્વામી દયાનંદ સરસ્વતી તથા (૩) મહાત્મા ગાંધી એમ ત્રણ વિષય રાખવામાં આવ્યેં હતાં. જેમાં દરેક વિદ્યાર્થીએ પોતાના વિષયની કુશળતાપૂર્વક રજુઆત કરી નિર્ણાયકોને પણ મૂંઝવણમાં મૂકી દીધાં હતાં. નિર્ણાયકોમાં શ્રી લાલચંદજી આર્ય, શ્રી મહેન્દ્રભાઈ ગાંધી તથા શ્રી જીતેન્દ્રભાઈ પટેલ રહ્યાં હતાં. જેઓએ સ્પર્ધાના અંતમાં ગ્રુપ **'એ'** માં પ્રથમ આર્યવીર ભૂપેન્દ્ર પ્રજાપતી, દ્વિતીય સુમિત રાય તથા તૃતીય અંકિત રાઠોડ અને ગ્રુપ **'બી'** માં પ્રથમ ભાવના તિવારી, દ્વિતીય દર્શીકા પટેલ તથા તૃતીય નિશા પટેલ થયા હતા. જેમને વિવિધ પારિતોષિક એનાયત કરી પ્રોત્સાહન અપાયુ હતું. શ્રી લાલચંદ્રજી આર્યએ અસરકારક વક્તૃત્વ માટે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. અંતમાં આર્યવીરોંએ યોગાસન, કરાટે તથા માર્શલ આર્ટનું જોશપૂર્વક પ્રદર્શન કરી સૌને રોમાંચિત કરી દીધાં હતાં. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન આર્યવીર વ્યાયામ શિક્ષક શ્રી ચંદ્ર પ્રસાદ શાસ્ત્રીજીએ કર્યુ હતું.

વૈદિક સંસ્થાન - ઓઢવ, અમદાવાદ પૂર્વ દ્વારા આયોજિત ગૌતમ ઋષિ પ્રણીત 'ન્યાય દર્શન'ના અધ્યયન માટે ત્રિદિવસીય શિબિરનું આયોજન નિઃશુલ્ક ભોજન પ્રસાદની વ્યવસ્થા સાથે તા. ૨૩-૨૪-૨૫/૦૨/૨૦૨૦ના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં અમદાવાદની વિવિધ આર્યસમાજના સદસ્યોં તથા શહેરના જીજ્ઞાસુ મહાનુભાવોંએ લગભગ ૨૦૦ ની સંખ્યામાં ઉત્સાહભેર શિબિરમાં ભાગ લીધો હતો.



શિબિરના બ્રહ્મસ્થાને દર્શનાચાર્ય સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજક ( નિદેશક દર્શનયોગ મહાવિદ્યાલય રોજડ) વિરાજમાન રહ્યા હતા. જેમના દ્વારા ન્યાય દર્શનની વિદ્યાનો દુરુપયોગ નહીં કરવાના સંકલ્પ સાથે વિવિધ સૂત્રોના માધ્યમથી શિબિરાર્થીઓને વાતચીત કરવાની આદર્શ પદ્ધતિ તથા સત્ય-અસત્યનો નિર્ણય કરવાની કળાની વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. જેને જાણી શિબિરાથીઓએ ગૌરવની લાગણીનો અનુભવ કર્યો હતો.

શિબિરનું ઉદ્ઘાટન થલતેજ આર્યસમાજના પાયાના કાર્યકર્તા શ્રીમતી તારાબેન ધનજીભાઇ પટેલના પરિવારે દીપપ્રાગટય કરી કર્યુ હતું.

## આર્યસમાજ - ટંકારા

પ્રતિવર્ષની જેમ આર્યસમાજ ટંકારામાં ઋષિ બોધોત્સવ-મહાશિવરાત્રિના દિવસે આર્યસમાજ ટંકારાનો સ્થાપના દિવસ હર્ષોલ્લાષ સાથે મનાવવામાં આવ્યો.

તા. ૨૧/૦૨/૨૦૨૦ મહાશિવરાત્રિની સાંજે ૫ વાગ્યે ૩ નવદંપતિને યજ્ઞના યજમાન બનાવી આર્યસમાજ ટંકારાના ૯૫ માં સ્થાપના દિવસનો પ્રારંભ કરવામાં આવેલ હતો.

યજ્ઞ બાદ પૂજય સત્યપાલ પથિકજીએ ઋષિ મહિમાનું ભજન સંભાળવી ઉપસ્થિત સમસ્ત આર્યબંધુઓને ભાવવિભોર કરી દીધાં હતાં. ભજન બાદ પથિકજીએ હસમુખભાઈ પરમાર સાથેના સંસ્મરણો યાદ કરી તેમને શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

ત્યારબાદ વાચોનિધિએ કહ્યું કે સમસ્ત ગુજરાતની આર્યસમાજોના સંચાલનમાં હસમુખભાઈ પરમારની ખોટ અમને જણાઈ રહી છે. વાચોનિધિજીએ કહ્યું હતું કે હસમુખભાઈની સ્મૃતિમાં વિદ્યાર્થીઓ માટે **'ફકીરે દયાનંદ'** નામના સન્માન પારિતોષિકની શરૂઆત કરવી જોઈએ.

કાર્યક્રમનું સંચાલન કરતા દેવકુમાર પડસુંબીયાએ જણાવેલ કે હસમુખભાઈએ અમને કહ્યું હતું કે મારા સંતાનો બગડશે તો મને ચાલશે પણ આર્યવીર ન બગડવા જોઈએ. આ વાકયની સાથે જ તેમણે સ્મૃતિશેષ હસમુખભાઈ પરમારના સ્મરણાર્થે મહર્ષિ દયાનંદ સ્મારક ટ્રસ્ટના ટ્રસ્ટીઓ અને સંન્યાસીવૃંદના હસ્તે **'અગ્નિહોત્ર રથ'** નું લોકાર્પણ કરેલ.

આર્યસમાજ ટંકારા દ્વારા સંચાલિત નવો પ્રકલ્પ **'અગ્નિહોત્ર રથ'** પ્રત્યેક રવિવારે ટંકારાના આસપાસના ગામોમાં જઈ ગ્રામજનો દ્વારા યજ્ઞ

કરાવવામાં આવશે. સાથે સાથે પ્રવચન, વાંચનાલય અને પુસ્તક વિક્રયનું કાર્ય કરવામાં આવશે. તેની માહિતી આર્ય સજ્જનો સામે રજુ કરી હતી.

ત્યારબાદ કાર્યક્રમમાં નાની આર્ય વિરાંગના ઋચ્યાએ ઈશ્વર- સ્તુતિ- પ્રાર્થના- ઉપાસનાના મંત્રો કંઠસ્થ સંભળાવ્યાં હતાં.

હિનાબેન દેવમુરારીએ કહ્યું હતું કે મહર્ષિ દયાનંદ સરસ્વતીના કારણે આજે અમે યજ્ઞ કરીએ છીએ, પ્રવચન કરીએ છીએ અને ઘરે - ઘરે જઈ લોકોને જાગૃત કરીએ છીએ.

બોધોત્સવ પર પ્રતિવર્ષ પોતાના ઘરમાં દૈનિક, સાપ્તાહિક કે પાક્ષિક યજ્ઞ કરવાનો સંકલ્પ લેતા નવા યાજ્ઞિક પરિવારોનું સાધ્વી ઉત્તમાયતીના હસ્તે સન્માન કરવામાં આવેલ હતું.

કાર્યક્રમના અંતમાં ડો. વિનય વિદ્યાલંકારજીએ કહ્યું કે વિશ્વની એક માત્ર આર્યસમાજ ટંકારા છે કે જે ચાર માસ સુધી વેદપ્રચાર કાર્યક્રમ કરે છે. હું જ્યારે-જ્યારે અહીં આવું છું ત્યારે-ત્યારે આર્યસમાજ ટંકારામાંથી નવી પ્રેરણા મળે છે. ભારતની પ્રત્યેક આર્યસમાજો ચિંતન કરે કે આપણે કેટલી પ્રવૃત્તિઓ કરી રહ્યાં છીએ. આર્યસમાજ ટંકારા પુરૂષાર્થીઓ અને પ્રવૃત્તિઓની સમાજ છે.

આ સાથે જ સ્વામી શાંતાનંદજીએ શાંતિપાઠ કરાવી કાર્યક્રમની પૂર્ણાહુતિ કરાવેલ હતી.

## સમજો દયાનંદને

દયાનંદ મુસ્લિમ, ઈસાઈ, શીખ, પારસી આદિના વિરોધી ન હતા. તે વિરોધી હતા. અસત્ય, અધર્મ, અન્યાય, પાખંડ, અંધવિશ્વાસ-અંધશ્રદ્ધાનાં. તે ઈચ્છતા હતા કે વિશ્વનું કલ્યાણ થાય અને એક વ્યક્તિ કોઈનું કલ્યાણ ત્યારે જ ઈચ્છે છે જ્યારે તેને પોતાના માનતો હોય. અને પોતાનાનું કલ્યાણ ઈચ્છનાર પોતાનાની સાથે કેમ લડાઈ કરી શકે. તે તો પોતાનાની માટે લડશે.

**વેદ સર્વ સત્ય વિદ્યાઓનું પુસ્તક છે. વેદનું ભણવું-ભણાવવું સાંભળવું-સંભળાવવું દરેક આર્યનો પરમ ધર્મ છે.**

## ઘનઘોર જંગલમાં...

પ્રવક્તા : મહાત્મા આનંદ સ્વામી
અનુવાદક : દયાલ આર્ય

### પ્રથમ દિવસ

ગતાંકથી આગળ ....

ओ३म् त्वं हिन: पिता वसो त्वं माता शतक्रतो बभूविथ अधाते सुम्नमीमहे ।

અને અંતમાં એ પણ લખેલ હતું કે, "મારા અસ્થિઓ ગંગામાં નહીં પરંતુ જમ્મુની પાસે વહેતી તૂવી નદીમાં પધરાવવામાં આવે અને મારી રાખ જમ્મુ નગરની શેરીઓ અને બજારોમાં વિખેરવામાં આવે".

યુવરાજ કર્ણસિંહે એ વસિયતનામું વાંચ્યું તો મૌન બની ગયા. સ્વીકારપત્ર પ્રમાણે જ બધું કામ થયું હતું. મહારાજ અસ્થિઓ તૂવી નદીમાં વહાવવામાં આવ્યા. રાખ વિમાન દ્વારા જમ્મુ નગરમાં યુવરાજ કર્ણસિંહે ઘણી જ શ્રદ્ધાપૂર્વક વિખેરી નાખી.

આ છે સત્સંગનો પ્રભાવ. ઉત્તમ સંગત મનુષ્યનો બેડો પાર કરી દે છે. ખરાબ સંગત તેનો સર્વનાશ કરી નાખે છે. એટલા માટે હંમેશાં સાવધ રહેવું જોઈએ કે ક્યાંય ખરાબ સંગતના પાટે ન ચઢી જવાય અને હંમેશા સારી સંગતમાં રહેવાનો પ્રયત્ન કરવો જોઈએ.

આર્યસમાજમાં સત્સંગની પ્રથા એટલા જ માટે કરી છે. લગભગ એ સત્સંગ સાપ્તાહિક થાય છે, પરંતુ કેટલાય આર્યસમાજોમાં દૈનિક સત્સંગ પણ થાય છે. આર્યસમાજ હનુમાન રોડમાં દરરોજ સત્સંગ થાય છે. અહીં આર્યસમાજ રીડિંગ રોડમાં પણ દરરોજ સત્સંગ થાય છે. આપણા ઘરોમાં આપણે દરરોજ સાવરણીથી જરૂર કચરો વાળીએ છીએ જેથી જો કોઈ લાળ, લીખ કે કચરો આવી ગયો હોય તે બહાર નીકળી જાય એવી રીતે મન પર પણ દરરોજ સત્સંગની સાવરણી ફેરવવી જોઈએ. તેથી મન શુદ્ધ રહે છે. જે લોકો એમ સમજે છે કે આર્યસમાજમાં અથવા બીજે ક્યાંય સત્સંગમાં જવાથી શું વળવાનું છે? અમે તો ઘરે બેઠા જ મોજ માણીએ છીએ. તેઓ ભૂલે છે. અજાણતાં જ તેઓ પોતાની અંદર બેઠેલ પ્રજાપતિને પતનના માર્ગ તરફ લઈ જાય છે. કોણ જાણે ક્યારે ખરાબ વિચાર મનમાં આવી જાય છે, કોણ જાણે ક્યારે ખરાબ રસ્તે જવાનું શરૂ થઈ જાય છે. એ ભૂલથી બચવાનું એકમાત્ર સાધન સત્સંગ છે, દરરોજનો સત્સંગ છે, હંમેશનો સત્સંગ છે.

જુઓ! એક સગડી હતી. તેમાં કોલસા સળગી રહ્યા હતા, લાલચોળ

ચમકતા અંગારા હતા. એક કોલસાએ વિચાર્યું કે, હું આ સગડીમાં શા માટે રહું, હું તો સ્વયં જ ચમકું છુ, સ્વયં જ લાલઘૂમ છું, સ્વયં જ પ્રકાશમાન છું. તે ઉછળીએ સગડીની બહાર જઈ પડયો. થોડી જ વાર પછી તેના ઉપર રાખ વળવા લાગી. તેનો લાલરંગ ખત્મ થઈ ગયો, તેને બદલે સફેદ રાખે તેને ચારેબાજુ લપેટી લીધો, તે રાખ નીચે પ્રકાશનો શ્વાસ ઘૂંટાવા માંડયો, ધીરે ધીરે તે ઠરી ગયો અને કાળો બની ગયો.

જે લોકો અભિમાનમાં આવીને કહે છે કે અમે તો બધું જ જાણીએ છીએ, બહુ મોટા વિદ્વાન છીએ, ખૂબ જ મોટા લેખક અને પંડિત છીએ. એમ માનીને સત્સંગથી જેઓ દૂર હટી જાય છે તેમની દશા આ કોલસા જેવી જ થાય છે. એ અભિમાન સારુ નથી. તમે ગમે તેટલા વિદ્વાન હો, પંડિત હો, પરંતુ સત્સંગમાં જરૂર આવો. કોણ જાણે છે કયા સમયે કઈ વાત તમારા માટે પ્રકાશ પેદા કરી દે, નવું અમૃત જગાડી દે. સત્સંગનો પ્રભાવ દરેક વખતે અને દરેક સ્થાન પર રહે છે –

કખલી સીપ ભુજંગ મુખ સ્વાતી એક ગુણ તીન,
જૈસી હી સંગત કીજિયે વૈસા હી ફલ દીન.

સ્વાતી નક્ષત્રમાં વરસાદ થાય છે, ટીપાં નીચે પડે છે. એક ટીપું કેળના પત્તા પર પડે છે અને કપૂર બની જાય છે. બીજું ટીંપુ છીપનાં મોઢામાં પડે છે અને મોતી બની જાય છે. ત્રીજું ટીપું સાપના મોઢામાં ચાલ્યું જાય છે અને વિષ બની જાય છે. એક જ વરસાદનું પાણી જુદી જુદી જાતની ત્રણ સંગતના કારણે જુદાં જુદાં ત્રણ રૂપ ધારણ કરે છે. કપૂર સુગંધ આપે છે, સેંકડો રોગોમાં કામ આવે છે, યજ્ઞ અને પૂજાના પવિત્ર સ્થાન પર પહોંચે છે. મોતી અમીરોના માથે શૃંગાર અને ગળાનો હાર બને છે, ઔષધિ બની જાય તો રોગી માટે અમૃત બની જાય છે અને વિષ તો કતલ કરે છે, મૃત્યુને ભેટાવે છે. પાણી એક જ છે, એક જ વાદળથી, એક જ સમયમાં વરસ્યું, પરંતુ સંગતના કારણે એક સ્થાન પર અમૃત બની બીજા સ્થાન પર અલંકાર બની ગયું અને ત્રીજે સ્થાને વિષ બની ગયું.

મારા બંધુઓ! સત્સંગ કરો, એટલા માટે સત્સંગ કરો. સો કામ પડતાં મૂકીને પણ આવો. ખબર નહીં કયા સમયે કઈ વાત તમારા જીવનને બદલવામાં પ્રેરણા રૂપ બની જાય. સત્સંગથી કેટલો ફાયદો થાય છે તે કોઈ પૂર્ણતાથી કહી શકતું નથી. એક વાત વકીલ મહાશયે સંભળાવી હતી. પહેલાં પણ કેટલાય ભાઈઓને તે સંભળાવી છે. તમોને પણ કહું છું.

એક વકીલ મહોદય સત્સંગમાં જતા હતા. પોતાની સાથે પોતાની પત્ની અને નાના બાળકને પણ સાથે લઈ જતા હતા. એક ભજનોદેશકે ત્યાં એક ગીત ગાયું. તેની શરૂઆતના શબ્દો હતા-

**મુખથી કડવાં વેણ ન બોલ.**

એ વાત વકીલ મહાશયે સાંભળી, પત્નીએ પણ સાંભળી, પરંતુ બાળકના મન પર એવો પ્રભાવ પડયો કે જાણે એ વાત મનમાં ઉતરી ગઇ.

એ વાતને કેટલાય દિવસો વીતી ગયા. એક દિવસ ઘરમાં ઝઘડો થઈ ગયો. વકીલ સાહેબે કડવાં વેણ કાઢયા અને શ્રીમતીજીએ પણ તેવાં જ વેણ વાગોળ્યાં. પરિણામ એ આવ્યું કે એકબીજાએ પરસ્પર બોલવાનું બંધ કરી દીધું. વકીલ સાહેબે જણાવ્યું કે વાત ત્યાં સુધી વણસી ગઈ કે કોર્ટે જતાં પહેલાં બપોરનું ભોજન મારા ઓરડામાં જ આવી જતું. હું એકલો જ જમતો. જમીને ઓફિસે ચાલ્યો જતો. પાછો આવીને ઓરડામાં બેસીને મારું પોતાનું કામ શરૂ કરી દેતો. આવી રીતે કેટલાય દિવસો વીતી ગયા.

પછી વકીલ સાહેબના મનમાં વિચાર આવ્યો કે આ ખરી મુસીબત છે? એક જ ઘરમાં રહીએ છીએ, તે ઘરવાળી છે અને હું ઘરધણી. અમે પરસ્પર શા માટે બોલતા નથી? પત્નીના મનમાં પણ એ જ વિચાર આવ્યો. પરંતુ હવે પહેલ કોણ કરે? પહેલ કરવામાં મોભો જવાનો અને વટનો સવાલ હતો. બન્ને એકબીજાની નજીક આવવા ઈચ્છતા હતા. છતાં પણ ફૂંગરાતા ફરતા હતા, અકકડ રહેતા હતા.

એક દિવસ વકીલ સાહેબ ઓફિસેથી આવ્યા ત્યારે તેનો બાળક કયાંકથી રમતો-કુદતો તેના ઓરડામાં આવી પહોંચ્યો અને બેસીને ગાવા લાગ્યો-

**મુખથી કડવાં વેણ ન બોલ.**

વકીલ સાહેબે સાંભળ્યું તો બોલ્યા, ''જો બેટા! અહી નહીં તારી માના ઓરડામાં જઈને ગા.'' બાળક ત્યાંથી ઊઠયો, માના રૂમમાં ચાલ્યો ગયો. એક તરફ બેસીને ગાવા માંડયો-

**મુખથી કડવાં વેણ ન બોલ.**

મા એ વાત સાંભળીને મલકાઈ ઊઠી. તે બોલી, ''જો બેટા ! આ વાત તારા પિતાને જઈને કહે.

બાળક ત્યાંથી ઊઠયો. પિતાના રૂમમાં જઈને ગાવા માંડયો-

**મુખથી કડવાં વેણ ન બોલ.**

વકીલ સાહેબે કહ્યું, ''અરે તું પાછો આવ્યો. તને કહ્યું હતું ને કે તારી

માના રૂમમાં જઈને આ વાત કહે.''

બાળકે કહ્યું, ''હવે હું શું કરું? માના રૂમમાં જાઉં છું તો કહે છે કે પિતાના રૂમમાં જઈને ગીત ગા, અને તમારા રૂમમાં ગાઉં છું તો તમે કહો છો કે માના રૂમમાં જઇને ગા. હવે હું કોઈના રૂમમાં જઈશ નહીં. બે રૂમની વચ્ચે અહીં ઓસરીમાં બેસીને જ ગાઈશ.''-

**મુખથી કડવાં વેણ ન બોલ.**

મા પોતાના રૂમના બારણે ઊભી હતી અને પિતા પોતાના રૂમના બારણે ઊભો હતો. બન્ને એ ગીતને સાંભળીને હસી પડયા. બન્નેનાં મનનો મેલ ધોવાઈ ગયો. બન્નેમાં ફરી જૂનો મેળ જાગી ઊઠયો. આ છે સત્સંગનો ચમત્કાર. જાદુ છે જાદુ આ સત્સંગ. તે એક બાળકને એવી શક્તિ આપી શકે છે કે મોટા મોટાની ભૂલ સુધારે છે. તોબડા જેવા મોઢાઓને હાસ્યરેખાઓથી ભરી દે છે. કંકાસના સૂમસામ વાતાવરણને આનંદની છોળો ઉછાળતું કરી નાખે છે.

એટલા માટે સત્સંગમાં આવો મારા ભાઈઓ. સો કામ, હજાર કામ પડતાં મૂકીને પણ આવો, પોતાનાં બાળકને પણ સાથે તેડતા આવો. જો તેઓ રડતા હોય તો પણ લઈ આવો. પાડોશીઓને પણ તેડતા આવો. કોણ જાણે ક્યા સમયે કોના મનના મુખમાં સ્વાતિનું ટીપુ પડીને મોતી બની જાય. કોણ જાણે ક્યારે કોઈ નવી જ્યોતિ જાગી ઊઠે અને જીવનના આ અઘોર વનમાં કલ્યાણકારી વાટ બતાવનારી મશાલ બની જાય. એટલા માટે બધાંને લાવો. કોઈ બીમાર હોય તો તેને ખાટલા ઉપર સુવડાવીને પણ લાવો. હું પંડિત દયારામજીને કહીશ કે અહીં એક ઈન્ડોર હોસ્પીટલ પણ ખોલે. સુખમાં અથવા દુઃખમાં, સ્વસ્થમાં અથવા બીમારીમાં કોઈપણ અવસ્થામાં અવસર મળી જાય તો જરૂર સત્સંગ કરો. એ પહેલી વસ્તુ છે જે દરેક હૃદયને પ્રજાપતિ બનાવે છે.

બીજી વસ્તુ તપસ્વી જીવન છે. તપના માર્ગને અપનાવો. તપનો અર્થ શું છે? તે જ કે જે પ્રજાપતિએ દેવતાઓને કહ્યું હતું. 'ઈન્દ્રિયોનું દમન કરો.' દમન કરવાનો અર્થ શત્રુતા કરવી એવો નથી, પરંતુ કાબુમાં રાખવી એ છે. આ પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો અને અગિયારમું મન- એ બધા જ આપણા દુશ્મન નથી પરંતુ બહુ જ મોટા સહાયક છે.

ક્રમશઃ ......

# :: બાળ વિભાગ ::



લેખક - ચિત્રાંકન
ભારત મકવાણા


## મહાન સમાજ સુધારક
## મહર્ષિ દયાનંદનું જીવન ચરિત્ર

અનુવાદક
ડૉ. સદ્ગુણા આર્ય

### જન્મ

સંવત ૧૮૮૧, ફાગણ વદ દસમ, ૧૨ ફેબ્રુઆરી, ૧૮૨૪માં ગુજરાતના મોરબી પ્રાંતના ટંકારા ગામમાં કરશનજી તિવારી કે જે જન્મથી જ ઔદિચ્ય બ્રાહ્મણ હતા. તેઓ ધનાઢ્ય જમીનદાર તથા સરકાર તરફથી મહેસૂલ અધિકારી તરીકે નિયુક્ત હતા. એમના ઘરે એક સુંદર બાળકે જન્મલીધો. મૂળ નક્ષત્રમાં જન્મથવાને કારણે માતા-પિતાએ એનુ નામમૂળશંકર રાખ્યું. જેમણે કાળાન્તરમાં મહર્ષિ દયાનંદ સરસ્વતીના રુપમાં દીક્ષિત થઈને વિશ્વને વૈદિક જ્ઞાનથી આલોકિત કર્યું.




મહાપુરુષો ઘણા થયા પરંતુ મહર્ષિ સ્વામી દયાનંદ જેવો કોઈ નહીં. જેમનું પ્રેરણાદાયક જીવન અલગ જ પ્રકારનું છે. જેમણે દેશનાજ નહીં, વિદેશના વિદ્વાનોને પણ એક નવી દિશા આપી. મહાપુરુષોના જીવનમાં મોટે ભાગે કોઈ ઘટનાને કારણે પરિવર્તન આવે છે. એવી રીતે શિવરાત્રી વ્રત માટે મૂળશંકર (મહર્ષિ દયાનંદ)ને એમના પિતા મંદિરે લઈ ગયા, જ્યાં એણે જોયું કે ઉંદર મૂર્તિ પર ચડીને ખાદ્ય સામગ્રીને ખાઈ રહ્યો છે. એમણે વિચાર્યું...
જે પોતાની રક્ષા જાતે ન કરી શકે તે કેવો શિવ ?
પિતાજી ! જે ઉંદર જેવા પ્રાણીથી પોતાની રક્ષા ન કરી શકે તેની પૂજા આપણે શું કામકરીએ ?
મૂળશંકર પોતાનું ધ્યાન ભટકાવ નહીં અને મંત્ર-જાપ કર.
બાળક પિતાની આજ્ઞાનું પાલન કરવા ઈચ્છતો હતો પરંતુ તેનું મન એકાગ્ર ન થઈ શક્યું.
આ મૂર્તિ ભગવાન ન હોઈ શકે.
એમને મૂર્તિ પૂજા પરથી વિશ્વાસ ઉઠી ગયો.

## આર્યાભિવિનય

**मेधां मे वरुणो ददातुमेधामग्निः प्रजापतिः ।**
**मेधामिन्द्रश्च वायुश्च मेधां भाता ददातु मे स्वाहा ।।** यजु. ३२.१५

**વ્યાખ્યાન:** હે સર્વ ઉત્કૃષ્ટ ઈશ્વર! આપ वरुण: વર (વરણીય) આનંદસ્વરૂપ છો. કૃપા કરીને મને મેધા, સર્વ વિદ્યાસંપન્ન બુદ્ધિ આપો તથા अग्नि: વિજ્ઞાનમય, વિજ્ઞાનપ્રદ प्रजापति: સમસ્ત સંસારના અધિષ્ઠાતા, પાલક, इन्द्र: પરમ ઐશ્વર્યવાન, वायु: વિજ્ઞાનવાન અનંતબળ, धाता સંપૂર્ણ જગતનું ધારણ અને પોષણ કરનાર આપ મને અતિ ઉત્તમ મેધા (બુદ્ધિ) આપો.

BOOK-POST

RNI Registration No. Guj/Guj/2015/63289
Posted at Rajkot - HO no 6th of every Months
Postal Regd. No. Rajkot / 672 / 2018-2020

પ્રતિ, ____________________

**પ્રેષક :**
**આર્ય વૈદિક દર્શન**
**આર્યસમાજ – ટંકારા,**
**પિન: ૩૬૩૬૫૦ , જિ. મોરબી.**

Publisher and Printer SURESHCHANDRA B. AGRAWAL on behalf of GUJARAT PRANTIYA ARYA PRATINIDHI SABHA Published at ARYA VEDIC DARSHAN, Gujarat Arya Pratinidhi Sabha, Aryasamaj, Nr, Raipur Darvaja, Maharshi Dayanand Marg, Kankariya, Ahmedabad And Printed at Nachiket Art Printer, 11,Galaxy Commercial Center, Jawahar Road, Rajkot. Editor SURESHCHANDRA B. AGRAWAL